ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા. ૦૨.૦૪.૨૦૧૯

-----------

**કોંગ્રેસ તરફથી બહાર પાડવામાં આવેલ 'ચૂંટણી ઢંઢેરા'મા "જનઅવાજ" નહીં પરંતુ "કોંગ્રેસનો જુઠઅવાજ" છે.**

**કોંગ્રેસનો હતાશ અવાજ અને હારેલો અવાજ (Public Voice નહીં પરંતુ કોંગ્રેસનો Frustrated and defeated Voice) છે.**

**આ ચૂંટણી ઢંઢેરો રાહુલ ગાંધીએ ૧લી એપ્રિલે જાહેર કરવાની જરૂર હતી - શ્રી ભરત પંડ્યા**

-----------

**Armed Forces (Special Powers) Acts (AFSPA) ના કાયદાને નાબૂદ કરી દેશની અખંડિતતા અને સાર્વભૌમત્વને જોખમમાં મૂકી આતંકવાદને સમર્થન આપવાનું કામ કોંગ્રેસ કરી રહી છે - શ્રી ભરત પંડ્યા**

-----------

**કોંગ્રેસ જ્યારે ખેડુતોના દેવા નાબૂદીની વાત કરે છે પરંતુ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને કર્ણાટકના કેટલા ખેડુતોના દેવા નાબૂદ કર્યા તે આંકડા જાહેર કરતી નથી - શ્રી ભરત પંડ્યા**

-----------

**શ્રી સરદાર પટેલની પ્રતિભાને છાજે તેવી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિશ્વમાં ગૌરવ અપાવ્યુ, ત્યારે કોંગ્રેસ આ પ્રતિમા માટે 'ભંગાર' જેવા શબ્દપ્રયોગ કરીને કયા મોઢે દેશની એકતાની વાત કરે છે ? - શ્રી ભરત પંડ્યા**

-----------

**કોંગ્રેસે પોતાના ભયંકર ભ્રષ્ટ શાસનને યાદ કરીને 'ભ્રષ્ટાચાર હમ નિભાયેંગે' તે સુત્ર રાખવાની જરૂર છે**

**(AFSPA) ના કાયદાને નાબૂદ કરીને સેનાના મનોબળને તોડી આતંકવાદને સમર્થન આપવાની વાત કરે છે**

**સર્જીકલ સ્ટ્રાઇક અને એરસ્ટ્રાઇક સમયે સેના પાસે પુરાવા માંગીને કોંગ્રેસ પાકિસ્તાનની ભાષા બોલી રહ્યુ છે, ત્યારે 'આતંકવાદ કે સાથ, કોંગ્રેસ કા હાથ હમ નિભાયેંગે' તેવું કોંગ્રેસનું સુત્ર હોવુ જોઇએ.**

-----------

**જીએસટીને ગબ્બરસિંહ ટેક્સ કહેનાર કોંગ્રેસ જવાબ આપે કે તો કાલીયા અને સાંભા કોણ છે ?**

**સમગ્ર દેશમાં જીએસટી અંગે જુઠ્ઠાણા ફેલાવી દેશની જનતાને કોંગ્રેસ ગેરમાર્ગે દોરી રહી છે.**

**જીએસટી કાઉન્સીલની બેઠકમાં દેશના તમામ રાજ્યોના નાણાંમંત્રી સામેલ હોય છે અને સૌની સંમતિથી જ નિર્ણયો લેવાય છે - શ્રી ભરત પંડ્યા**

-----------

આજરોજ ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયાને સંબોધતા જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ તરફથી બહાર પાડવામાં આવેલ 'ચૂંટણી ઢંઢેરા'મા **"જનઅવાજ"** નહીં પરંતુ **"કોંગ્રેસનો જુઠઅવાજ"** છે. કોંગ્રેસનો હતાશ અવાજ અને હારેલો અવાજ (Public Voice નહીં પરંતુ કોંગ્રેસનો Frustrated and defeated Voice) છે.

કોંગ્રેસના રાહુલ ગાંધીએ ૧લી એપ્રિલે આ ચૂંટણી ઢંઢેરો જાહેર કરવાની જરૂર હતી. કોંગ્રેસ જ્યારે સત્તામાં હતી ત્યારે કરોડો અને અબજો રૂપિયાના કૌભાંડો કર્યા છે. ત્યારે ગરીબોની યાદ આવતી નથી. જ્યારે ચૂંટણી આવે ત્યારે કોંગ્રેસને ગરીબો, યુવાનો, કિસાનો, વંચિતો યાદ આવે છે. દેશની જનતા જાણે છે કે, વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૪ના સમયગાળામાં યુપીએ-૧ અને યુપીએ-૨ના શાસન દરમ્યાન ચારેય દિશાઓમાં દરેક ક્ષેત્રે ભ્રષ્ટાચાર આચર્યા હતા, દેશ અને દુનિયામાં ભારતને વૈશ્વિક બદનામી થતી હતી. દેશમાં ગરીબી હટાવવાના પોકળ વાયદા કરીને ૫૫ વર્ષ સુધી દેશમાં શાસન કરનાર કોંગ્રેસ આજે કયા મોઢે ગરીબી હટાવવાની વાત કરે છે. કોંગ્રેસ શાસનમાં હોય ત્યારે લાખો કરોડોનો ભ્રષ્ટાચાર કરે છે અને તે વખતે સામાન્ય જનતા, ગરીબ, ખેડૂત, યુવા યાદ આવ્યાં ન હતાં. માત્ર ભ્રષ્ટાચાર કરવાનું જ યાદ આવ્યું. કોંગ્રેસે ભ્રષ્ટાચારમાં વિશ્વમાં ભારતને બદનામ કર્યું હતું. કોંગ્રેસે પોતાના ભયંકર ભ્રષ્ટ શાસનને યાદ કરીને 'ભ્રષ્ટાચાર હમ નિભાયેંગે' તે સુત્ર રાખવાની જરૂર છે.

..2..

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




જાતિવાદ, જ્ઞાતિવાદ અને આતંકવાદને પોષનાર કોંગ્રેસ તેના ચૂંટણી ઢંઢેરામાં દેશની જનતા સામે એકતા અને અખંડિતતાની વાતો કરે છે. વાસ્તવમાં Armed Forces (Special Powers) Acts (AFSPA) ના કાયદાને નાબૂદ કરી દેશની અખંડિતતા અને સાર્વભૌમત્વને જોખમમાં મૂકી આતંકવાદને સમર્થન આપવાનું કામ કોંગ્રેસ કરી રહી છે. સર્જીકલ સ્ટ્રાઇક અને એરસ્ટ્રાઇક સમયે સેના પાસે પુરાવા માંગી કોંગ્રેસે દેશના જવાનોનું નૈતિકબળ તોડવાનું દુષ્કૃત્ય કર્યુ છે. કોંગ્રેસ પાકિસ્તાનની ભાષા બોલી રહ્યુ છે ત્યારે 'આતંકવાદ કે સાથ, કોંગ્રેસ કા હાથ હમ નિભાયેંગે' તેવું કોંગ્રેસનું સુત્ર હોવુ જોઇએ.

સમગ્ર દેશમાં જીએસટી અંગે જુઠ્ઠાણા ફેલાવી દેશની જનતાને ગેરમાર્ગે દોરનાર કોંગ્રેસના રાહુલ ગાંધી સામે કટાક્ષ કરતા શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ કે, જીએસટીને ગબ્બરસિંહ ટેક્સ કહેનાર કોંગ્રેસ જવાબ આપે કે તો કાલીયા અને સાંભા કોણ છે ? જીએસટી કાઉન્સીલની બેઠકમાં દેશના તમામ રાજ્યો સહિત કોંગ્રેસના નાણાંમંત્રી પણ સામેલ હોય છે અને સૌની સંમતિથી જ નિર્ણયો લેવાય છે.

રાહુલ ગાંધી તેમના ચૂંટણી ઢંઢેરામાં ૩૩ ટકા મહિલા અનામતની વાત કરે છે, જ્યારે ગુજરાતમાં તો પાંચ વર્ષ પહેલા જ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા જેટલું મહિલા આરક્ષણ આપીને રાજ્યની ભાજપા સરકારે નક્કર કાર્યવાહી કરેલ છે અને નોકરીમાં ૩૩ ટકા મહિલા અનામત આપી છે.

શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ કે, ભારતની એકતાના શિલ્પી સરદાર પટેલના વ્યક્તિત્વને છાજે તેવી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટિ બનાવીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સરદાર સાહેબના વિચારોને ખરા અર્થમાં મૂર્તિમંત કર્યા છે. ત્યારે કોંગ્રેસ આ પ્રતિમા માટે ભંગાર જેવા શબ્દપ્રયોગ કરીને કયા મોઢે દેશની એકતાની વાત કરે છે ?

વિશ્વની સૌથી મોટી પ્રધાનમંત્રી હેલ્થકેર યોજના (મોદી કેર)માં ૫૦ કરોડ લોકોને નિશુલ્ક આરોગ્ય સારવાર મળવાની છે જેમાં અત્યાર સુધીમાં ૨૦ લાખ લોકોએ ૫ લાખ સુધીના આરોગ્ય વીમાનો લાભ લીધો છે. કોંગ્રેસના શાસનમાં કેન્દ્રમાંથી નીકળતા ૧ રૂપિયામાંથી માત્ર ૧૫ પૈસા જ દેશની જનતા સુધી પહોંચતા હતા. તેનું નિરાકરણ કોંગ્રેસ તેના શાસન દરમ્યાન લાવી શકી નહોતી. જ્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ છેલ્લા ૫ વર્ષમાં ૫.૩૪ લાખ કરોડ જેટલી રકમ જુદી જુદી જનકલ્યાણલક્ષી યોજનાઓ દ્વારા ગરીબો, મહિલાઓ, વંચિતો, કિસાનો અને યુવાનોને ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્ફર દ્વારા સીધે સીધા લાભાર્થીઓના ખાતામાં પહોંચાડ્યા છે. મુદ્રા યોજના હેઠળ ૧૬ કરોડ લોકોએ જેનો લાભ લીધો છે અને ૪.૨૫ કરોડ લોકોને નવી સ્વરોજગારીની તકો મળી છે તથા આ યોજના હેઠળ ૭ લાખ કરોડ રૂપિયાની આર્થિક મદદ કરીને ભાજપાની સરકારે પારદર્શિતા સિધ્ધ કરી છે.

કોંગ્રેસ જ્યારે ખેડુતોના દેવા નાબૂદીની વાત કરે છે પરંતુ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને કર્ણાટકના કેટલા ખેડુતોના દેવા નાબૂદ કર્યા તે આંકડા જાહેર કરતી નથી. કોંગ્રેસ હંમેશા જુઠ્ઠાણાં ફેલાવવાના અને ગરીબી હટાવવાના જ એકમાત્ર સુત્ર સાથે શાસન કરતી આવી છે પરંતુ ક્યારેય આજસુધી ગરીબો માટે અસરકારક પગલા લીધા નથી માટે દેશની જનતા ક્યારેય આવા પોકળ ચૂંટણી ઢંઢેરાઓથી પ્રભાવિત થશે નહી.

શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યુ હતુ કે, સાર્વત્રિક રીતે જોઇએ તો કોંગ્રેસ આ ચૂંટણી ઢંઢેરામાં દેશની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વને નેવે મુકીને લોકોને લોભામણા અને જુઠ્ઠાં વાયદાઓ જ કરવાની ચેષ્ટા કરી છે.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ